
ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0



નગરની સુંદરતામાં છોગુ - તાજેતરમાં નગરના પ્રવેશદ્વાર સમા ચ-0 સર્કલ પર વન્ય પ્રાણીઓના સ્ટેચ્યુ સુંદર લાઈટ્સ સાથે ગોઠવવામાં આવ્યા છે. જેમાં હરણ, ચિત્તો, ઝરખ તો અદ્‌ભુત છે. સિંહને જોઈને ડાલા મથ્થો, વનરાજ કે હાવજ તેવો ભાવ થતો નથી. પરંતુ નગરમાં પ્રવેશતાં જ આ સર્કલ નગરની ભવ્યતા કે પ્રાકૃતિક સુંદરતાના દર્શન જરૂર કરાવે છે. આની સુંદરતાની મજા રાત્રે વિશેષ હોય છે.

# દશેરા બાદ ગમે ત્યારે ચૂંટણીની જાહેરાત

### ચૂંટણીતંત્રની તૈયારીઓ અને શાસક પક્ષની ગતિવિધિઓ વધતા ચૂંટણીની જાહેરાતના અણસાર વર્તાય છે

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યમાં દશેરા બાદ ગમે ત્યારે વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થઈ શકે છે. છઠ્ઠી ઓકટોબરથી અગિયારમી ઓક્ટોબર વચ્ચે વિધાનસભાની ચૂંટણીની સત્તાવાર જાહેરાતની શક્યતાઓ વર્તાઈ રહી છે અને ચૂંટણી નવેમ્બરના અંતિમ સપ્તાહમાં એટલે કે ૩૦મી નવેમ્બરના અંતમાં સંપન્ન થાય એવી ગણતરી છે. ડિસેમ્બરના બીજા સપ્તાહમાં પ્રમુખસ્વામી જન્મ શતાબ્દી મહોત્સવ વિશાળ પાયે આરંભાય એ પહેલાં ચૂંટણીની તમામ કામગીરી પૂર્ણ કરવાની તૈયારીઓ શાસકપક્ષ કરી રહ્યુ છે. જે ગતિએ પ્રધાનમંત્રી, ગુજરાતની ભાજપ સરકાર અને ભાજપનું પ્રદેશ સંગઠન પ્રજા સાથેના કાર્યક્રમો વ્યાપક પ્રમાણમાં યોજી રહ્યા છે તે પણ વહેલી ચૂંટણીના સંકેત આપે છે. સાથોસાથ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પોત પોતાની રીતે પૂરજોશમાં તૈયારીઓ આરંભી દીધી છે.

ચૂંટણીપંચ એની કામગીરીના અંતિમ તબક્કામાં પહોંચી ગયુ છે. રાજ્યની ૧૮૨ વિધાનસભાની બેઠકોની ચૂંટણીનુ માઈક્રોપ્લાનીંગ પંચ દ્વારા સંપન્ન થયુ છે. રાજ્ય ચૂંટણી પંચમાં અધિકારીઓની નિમણૂંકો ફટાફટ થઈ રહી છે અને ચૂંટણીપંચની સૂચના મુજબ તાલુકાકક્ષાથી લઈને સચિવાલયકક્ષા સુધી બદલીઓના દોર પણ પૂર્ણ થયા છે. હવે એકાદ બે દિવસમાં સચિવોની બદલીના ભણકારા વાગી રહ્યા છે, ત્યારબાદ ચૂંટણીપંચ બદલીઓ પર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી શકે છે. ચૂંટણી અધિકારીઓથી લઈ મતદાન મથક સુધીની સમગ્ર પ્રક્રિયા પર કેન્દ્રિય ચૂંટણી પંચ બારીકાઈથી નજર રાખી રહ્યુ છે. ઈવીએમની ચકાસણીની વાત હોય કે મતદાન અધિકારીની નિમણૂંકની વાત હોય તમામે તમામ બાબતની સમીક્ષા કરવા બંને નાયબ ચૂંટણી કમિશનરો બે દિવસ ગુજરાતની મુલાકાતે આવી ગયા. આમ સમગ્ર પ્રક્રિયા વહીવટી રીતે સંપન્ન થઈ ગઈ છે. એટલે માતાજીના ગરબા જેવા સંપન્ન થશે તેવા રાજકીય ગરબા રાજ્યભરમાં ગવાશે.

● અનુસંધાન પાન-૭ પર

# નવરાત્રિમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહ ગુજરાત આવશે

### મોદી-શાહ ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરશે : પ્રધાનમંત્રી મોદી ૨૯, ૩૦ સપ્ટેમ્બર અને ૯ થી ૧૧ ઓકટોબર દરમિયાન ૫ દિવસના ગુજરાત પ્રવાસે

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં ચૂંટણીના દિવસો હવે નજીક આવી રહ્યાં છે. ત્યારે દરેક પક્ષ ઝંઝાવાતી પ્રચારમાં લાગી ગયો છે. દિગ્ગજ નેતાઓએ ગુજરાતની વાટ પકડી છે. આવામાં પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પણ ગુજરાત આવીને જોરશોરથી પ્રચાર કરી રહ્યાં છે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ નવરાત્રિમાં ગુજરાત આવીને પ્રચાર કરશે. નવરાત્રિ શરૂ થતાં જ પીએમ મોદી ગુજરાતમાં ચૂંટણીના પ્રચાર કરશે. તેઓ પાંચ દિવસના ગુજરાતના પ્રવાસે આવનાર છે. આ ૫ દિવસમાં તેઓ ૧૨ થી વધુ જનસભા સંબોધશે. પ્રધાનમંત્રી મોદી ૨૯, ૩૦ સપ્ટેમ્બર અને ૯ થી ૧૧ ઓકટોબર દરમિયાન ૫ દિવસના ગુજરાત પ્રવાસે આવશે. આ દરમિયાન નવરાત્રિ હોઈ તેઓ મંદિરમાં પણ જશે. આ પ્રવાસ દરમિયાન તેઓ રાજ્યને અનેક વિકાસ કાર્યોની ભેટ આપશે.

ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમિત શાહ એકવાર ફરી ગુજરાતના પ્રવાસે આવશે. આગામી ૨૭ સપ્ટેમ્બરે તેઓ ગુજરાતમાં હશે, આ દિવસે નવરાત્રિનું બીજું નોરતુ છે. ગુજરાત પ્રવાસ દરમિયાન તેઓ ગાંધીનગરના કલોલમાં રાજ્ય કામદાર વીમા યોજનાની અદ્યતન ૧૫૦ બેડની હોસ્પિટલનું ખાત મુહૂર્ત કરશે.

**૫ દિવસના પ્રવાસનું શિડ્યુલ**

- ૨૯-૩૦ સપ્ટેમ્બરે સુરત, ભાવનગર, અમદાવાદ અને અંબાજીના પ્રવાસે
- ૯ ઓક્ટોબરે મોડાસામાં સંભવિત પ્રવાસ
- ૧૦ ઑક્ટોબરે જામનગર અને ભરૂચના પ્રવાસે
- ૧૧ ઓકટોબરે રાજકોટના જામકંડોરણાના પ્રવાસે

# આંદોલન મામલે સરકારના કર્મચારીઓમાં બે ભાગલા

### ફીક્સ પગારના કર્મચારીઓ અને એનપીએસ હેઠળ આવતા કર્મચારીઓએ આંદોલન ચાલુ રાખવાનુ એલાન કર્યુ : નવા અને જૂના સચિવાલયમાં કર્મચારીઓના ઉગ્ર દેખાવો

ગાંધીનગર, તા. ૧૮

સરકારી કર્મચારીઓ ફરી આંદોલનના માર્ગે ચઢ્યા છે. સરકારે મંડળના આગેવાનો સાથે અંદરખાને સેટીંગ કરી સમાધાન થઈ ગયાનુ એલાન કર્યુ હતુ જે સરકારી કર્મચારીઓને મંજૂર નથી. જૂની પેન્શન યોજના અને ફીક્સ પગાર નાબુદીની માંગ સાથે કર્મચારીઓએ નવા અને જૂના સચિવાલયમાં દેખાવો યોજ્યા હતા. શિક્ષકોના સૌથી મોટા મંડળે આંદોલન ચાલુ રાખી માસ સીએલ પાડી હતી.

શનિવારે અપાયેલા માસ સીએલના એલાનને પગલે સરકાર હરકતમાં આવી હતી અને સરકારી કર્મચારીઓના વિવિધ મંડળોને બેઠક માટે બોલાવાયા હતા. શુક્રવારે આખો દિવસ મેરેથોન બેઠકો યોજ્યા બાદ સાંજે સરકારે પ્રેસ કોન્ફરન્સ બોલાવી આંદોલન મામલે સમાધાન થયુ હોવાનુ એલાન કર્યુ હતુ. કેટલીક માંગણીઓ સ્વીકારી સરકારે મોટાપાયે જાહેરાત કરી હતી. મંડળના આગેવાનઓએ પણ આંદોલન સ્થગિત થયુ હોવાની જાહેરાત કરી હતી. જો કે સમાધાન દરમ્યાન જુની પેન્શન યોજનાની બહાલી અને ફિક્સ પગારની નીતિ બાબતે સરકારે કોઈ માંગણી ન સ્વીકારાતા સરકારી કર્મચારીઓમાં રોષ વ્યાપી ગયો હતો. શિક્ષકોને સમાધાનની ફોર્મ્યુલા સદંતર મંજૂર ન હોવાથી તેઓએ શનિવારે માસ સીએલનુ એલાન જારી રાખવાનુ નક્કી કર્યુ હતુ. શનિવારે શાળાઓ ખુલી હતી પરંતુ શૈક્ષણિક કાર્ય બંધ રહ્યુ હતુ.

આ તરફ ગાંધીનગરમાં જૂના સચિવાલય સ્થિત કર્મચારી મહામંડળની ઓફિસની બહાર કર્મચારીઓ સ્વયંભૂ એકત્ર થવા માંડ્યા હતા અને આગેવાનોએ સરકાર સાથે કરેલુ સમાધાન સ્વીકાર્ય ન હોવાનું જણાવી સૂત્રોચ્ચાર કર્યા હતા. શનિવારે કર્મચારીઓ ઓફિસે આવ્યા હતા પરંતુ કામથી અળગા રહી વિરોધમાં જોડાયા હતા. નવા અને જુના સચિવાલયમાં કર્મચારીઓ એકત્ર થયા હતા અને મંડળના આગેવાનોના રાજીનામાની માંગ કરી હતી. જૂના સચિવાલયમાં કર્મચારીઓનો ખુબ જમાવડો થયો હતો અને રેલી યોજાઈ હતી.

સરકારે માત્ર અમૂક જ માંગ સ્વીકારી કર્મચારીઓ સાથે છેતરપીંડી કરી હોવાનો અહેસાસ થતા કર્મચારીઓ રસ્તા પર ઉતર્યા હતા. રાજ્યના અનેક જિલ્લામથકોએ કર્મચારીઓના દેખાવો યોજાયા હતા. કર્મચારીઓનો રોષ જોતા આંદોલન આગામી દિવસોમાં વધુ વેગ પકડશે એવુ લાગી રહ્યુ છે.

# શહેરના કોર્મશિયલ કોમ્પલેક્ષ આસપાસ ઉભા કરાયેલા પાર્કીંગ પ્લેસ બિન ઉપયોગી

### પાટનગર યોજના વિભાગે બનાવેલા પાર્કીંગ પ્લેસની ડિઝાઇનમાં ફેરફાર કરવામાં આવ્યા બાદ પણ મુળ દબાણની સમસ્યા દુર ન થતા પાર્કીંગનો પ્રશ્ન હજુ જટીલ : રહેણાંક વિસ્તારમાં પણ પેવર બ્લોક અને હરિયાળી નિખારવાના બહાને ફેન્સીંગના દબાણો મોટા સ્વરૂપે જોવા મળતા પાર્કીંગનો પ્રશ્ન સળગતો છે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર સ્માર્ટ સીટી બને તે માટે અનેકવિધ યોજનાઓ હાથ ધરવામાં આવી છે. નગરના રોડ નેટવર્કને અપગ્રેડ કરવા સહીત માળખાગત સુવિધાઓને મજબુત કરવા માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. પરંતુ શહેરમાં વિસ્તરતા રોડ નેટવર્કની સાથે વાહનોની સંખ્યા પણ વધતી જાય છે. આ સ્થિતિ વચ્ચે પાર્કીંગ પ્લેસ પર દબાણો દુર હટતા નથી પાટનગર યોજના વિભાગ કક્ષાએથી અગાઉ કોર્મશિયલ કોમ્પલેક્ષને અનુલક્ષી નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસની ડિઝાઈનમાં પણ ફેરફાર કરવામાં આવ્યો હતો પરંતુ લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા આ પાર્કીંગ પ્લેસ પર દબાણો જૈસે થે ની સ્થિતિમાં રહેતા સમસ્યા હજુ યથાવત છે.

શહેરના કોર્મશિયલ વિસ્તારમાં પાટનગર યોજના વિભાગ કક્ષાએથી તૈયાર કરાયેલા પાર્કીંગ પ્લેસનો કોઈ હેતુ સરતો નથી પાર્કીંગ પ્લેસ પર દબાણો અસ્તિત્વમાં આવી જતા વાહનચાલકોન આમ પણ વાહનો પાર્ક કરવાની જગ્યા મળતી નથી જયારે પાર્કીંગ પ્લેસની ડિઝાઈન પણ અટપટી હાવાના લીધે વાહનચાલકોને વાહન પાર્ક કરવામાં સરળતા રહેતી નથી. આ સ્થિતિને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા પાર્કીંગ પ્લેસની ડીઝાઈનમાં થોડો ફેરફાર પણ કરવામાં આવ્યો હતો પરંતુ હજુ સુધી શહેરમાં પાર્કીંગની સમસ્યા યથાવત છે. અલબત્ત વાહનોની સંખ્યા વધવાની સાથે કોર્મશિયલ કોમ્પેલક્ષો તેમજ મુખ્ય શોપિંગ વિસ્તારમાં પાર્કીંગની વ્યવસ્થા માટે યોગ્ય આયોજન કરવામાં આવ્યુ નથી કોર્પોરેશન દ્વારા સેકટરોના એપ્રોચ માર્ગો તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાના રીઝર્વ પ્લોટસમાં કમ્પાઉન્ડ વોલ બાંધવાનુ કામ હાથ ધરાયુ

### ગુડાએ અત્યાર સુધી ૧૮ પ્લોટને દિવાલોનુ કામ પુર્ણ કર્યુ : વરસાદી સંજોગોમાં દિવાલને નુકશાન થયુ હોય તેવા કિસ્સામાં પણ સમારકામ હાથ ધરવામાં આવશે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડાની વિવિધ ટાઉન પ્લાનીંગ સ્કીમમાં દબાણો થતા અટકાવવા માટે કમ્પાઉન્ડ વોલ બાંધવાનુ કામ શરૂ કરી દેવાયુ છે ગુડાના ટી પી વિસ્તારમાં આ મુજબ ૧૦૦ થી પણ વધુ પ્લોટને અનુલક્ષીને ફરતે કમ્પાઉન્ડ વોલ બાંધવામાં આવી રહી છે. જગ્યાનો દુર ઉપયોગ અટકાવવા તેમજ સુરક્ષા દિવાલની અનિવાર્યતાને ધ્યાનમાં રાખીને રૂ ૫.૪૧ કરોડના ખર્ચે કમ્પાઉન્ડ વોલ ઉભી કરવામા આવી રહી છે.

ગાંધીનગરના શહેરી વિકાસ સત્તા મંડળના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર વિવિધ ટી પી સ્કીમ આખરી થયા બાદ કપાતની જમીનમાં ગુડાને મળેલા પ્લોટસ ખુલ્લા રહેવાથી તેમાં દબાણો ઉભા થઈ રહ્યા છે. જયારે દબાણો ન થાય તેમજ આ જગ્યાનો દુર ઉપયોગ થતો અટકાવવા તેમજ સુરક્ષાના આશયથી ગુડા દ્વારા કમ્પાઉન્ડ વોલ બાંધવાનો નિર્ણય લેવાયો છે. શહેર સહીત ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ રાતોરાત દબાણો થઈ જતા હોય છે. જયારે ગુડા વિસ્તારમાં પણ રસ્તા ખોલવા સહીત દબાણો દુર કરવા માટે પણ અનેકવાર ઝુંબેશ હાથ ધરવાની ફરજ પડી છે. જયારે ગુડાને મળેલા આ પ્લોટસને અનુલક્ષીને પણ ભાવિ સમયમાં આ સમસ્યા જટીલ ન બને તે માટે ગુડા દ્વારા આ પ્લોટસ ફરતે વોલ ઉભી કરવાનો નિર્ણય લેવાયો હતો. ગુડા દ્વારા સરગાસણ, રાયસણ , કુડાસણ ,વાવોલ અને કોબા સહીતના વિસ્તારમાં ગુડા હસ્તકના ખાલી પ્લોટસ વિવિધ હેતુ માટે રીઝર્વ રાખવામાં આવ્યા છે. જયારે આ પ્લોટસમાં દબાણો અડ્ડો ન જમાવે તે માટે ફરતે કમ્પાઉન્ડ વોલ બાંધવાનો નિર્ણય લેવાયો છે. જયારે હાલની સ્થિતિએ આ અન્વયે ૧૮ પ્લોટમાં દિવાલનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જો કે અગાઉ તાર ફેન્સીંગ અને દિવાલો તાંણી બાંધવામાં આવ્યા બાદ પણ વરસાદી સંજોગોમાં નુકશાન થયુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે આ સ્થિતિને અનુલક્ષીને પણ જરૂરી સમારકામ હાથ ધરવામાં આવશે. અગાઉ પણ ગુડાના પ્લોટ વિસ્તારમાં પાકા અને તોતિંગ દબાણોએ ભરડો લેતા ગુડા કક્ષાએથી કડક પગલા લેવાની ફરજ પડી હતી જયારે રીઝર્વ પ્લોટસ દબાણોની ચુંગાલમાં ન આવે તે માટે હવે કમ્પાઉન્ડ વોલ બાંધવાનુ કામ પણ ઝડપથી પુર્ણ કરી દેવાશે.

## અમદાવાદમાં નવરાત્રી વાઈબ્રન્ટ મહોત્સવની તડામાર તૈયારીઓ

અમદાવાદ, તા.૧૮

નવરાત્રીને હવે થોડા દિવસો જ બાકી રહી ગયા છે. આ વર્ષે નવરાત્રિઓનો થનગનાટ જોવા મળી રહ્યો છે. ત્યારે નવરાત્રીમાં આ વર્ષે બે વર્ષે બાદ અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ખૈલેયાઓ ગરબા રમી શકે તે માટે મહોસત્વ યોજાવવા જઈ રહ્યો છે. જેને લઈને જીએમડીસી ગ્રાઉન્ડમાં તમામ તૈયારીઓ શુરૂ કરવામાં આવી છે. જીએમડીસી ગ્રાઉન્ડમાં હાલ તૈયારીઓના ભાગ રૂપે સ્ટેજ બનાવી દેવામાં આવ્યું છે.

જીએમડીસી ગ્રાઉન્ડમાં જવા માટે આ વર્ષે કુલ ૮ ગેટ બનાવવામાં આવશે. જેમાં મેઈન મેઈન ગેટને ત્રણ દરવાજાના રેપલિકા પ્રમાણે બનાવાયો છે. આ ગેટ પરથી વીવીઆઈપી પ્રવેશ આપવામાં આવશે. જીએમડીસી ગ્રાઉન્ડમાં પર આઠ ગેટને હેરિટેજ લુક આપવામાં આવશે.

# સેકટરોમાં શેરી ગરબાના આયોજન માટે મેદાનોની સફાઈ : તડામાર તૈયારી

### બે વર્ષના અંતે સેકટરોમાં શેરી ગરબાની રંગત જામશે : સેકટરોની સોસાયટીઓમાં પારિવારિક માહોલમાં યોજાતા શેરી ગરબા નગરની આગવી ઓળખ : સેકટરવાસીઓમાં ઉત્સાહ

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં છેલ્લા બે વર્ષના અંતે નવલા નવરાત પર્વને અનુલક્ષીને નગરજનોમાં ભકિત વંદનાની ભાવના સાથે ઉત્સુકતા જોવા મળી રહી છે. કોરોના કપરા કાળ બાદ સંસ્થાકીય ગરબા મહોત્સવની ઉજવણી માટે પણ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જયારે સેકટરોમાં પણ શેરી ગરબાની રમઝટ જામે તે માટે ગરબા મેદાનની સફાઈ સાથે માતાજીના આગમન ટાંણે શેરીઓ વળાવીને સજ્જ કરવામાં આવી રહી છે. બે વર્ષ બાદ ગરબાનુ ભવ્ય આયોજન કરવા માટે આયોજકો ઉત્સુક છે. ત્યારે શેરી ગરબાના આયોજકો પણ આ વર્ષે વરસાદી માહોલને ધ્યાનમાં રાખી તૈયારીઓ કરી રહ્યા છે.

નવલા નોરતાના પર્વને આડે હવે માંડ ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે કોરોનાના કપરા કાળ બાદ હવે ગરબાની ધમાકેદાર રમઝટ બોલાવવા માટે ગરબા પ્રેમીઓ ભારે ઉત્સુક જોવા મળી રહ્યા છે. શહેરમાં સંસ્થાકીય ગરબા મહોત્સવની ઉજવણીને અનુલક્ષીને પણ બે વર્ષના અંતે





ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. સેકટરોમાં ગરબા મેદાન તૈયાર થઈ રહ્યા છે. વરસાદી ભીંજારા વચ્ચે પણ ગરબા મહોત્સવની તડામાર ઉજવણી માટે તૈયારીઓ ચાલી રહી છે. એકબાજુ નવરાત પર્વમાં વરસાદ આવશે તેવી ચિંતા પણ ખૈલેયાઓને સતાવી રહી છે. ત્યારે કોરોનામાં નવરાત્રિની ઉજવણી ન થઈ શકતા હવે આગામી નવરાત પર્વને અનુલક્ષી ગરબા પ્રેમીઓમાં વિશેષ અપેક્ષા છે. ગરબે રમવા માટે ખૈલેયાઓના પગ થિરકી રહ્યા છે. શહેરમાં વિવિધ બે ઠેકાણે સંસ્થાકીય ગરબા મહોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. જયારે સેકટરોની શેરીઓમાં પણ ગરબા યોજવા માટે આયોજકો તૈયારી કરી રહ્યા છે. શેરી ગરબા ગાંધીનગરની આગવી ઓળખ છે. માંઈ ભકિતની ભાવના સાથે ચપટી , તાળી અને ઠેસના પરંપરાગત ગરબા સેકટરોની શેરીઓમાં જોવા મળે છે. જયારે આ વર્ષે શેરી ગરબામાં પણ વધુ ભવ્યતા જોવા મળશે. સેકટરોમાં શેરી ગરબા દરમિયાન શકિતની ભકિત સાથે અનોખો પારિવારિક માહોલ જોવા મળે છે. હાલ નવરાતના આડે હવે માત્ર એક સપ્તાહ જેટલો સમય આડો રહ્યો છે. ત્યારે સેકટરોમાં પણ ચાંચર ચોકની શેરીઓની સફાઈ તેમજ સજાવટના કામમાં સેકટરવાસીઓ કામે લાગ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર


## સાતમી વાર્ષિક શ્રદ્ધાંજલિ



રડી પડે છે આંખ અમારી જોઈ તસવીર તમારી,
દરેક પ્રસંગે ખટકશે અમને ખોટ તમારી.
જીવન એવું જીવી ગયા કે મૃત્યુ શરમાઈ ગયું,
સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યુ નહિ.
હસતો ચહેરો રાખી ઓચિંતી વિદાય લીધી.
સૌના હૃદયના સંભારણા દિલમાં રાખી ગયા.

આંખો હજી નિહાળે છે તમને,
અંતર હજી પોકારે છે તમને.
સ્મરણ થાય છે ત્યારે
મન મૂકીને રડાવે છે અમને

મર્હુમ અહેમદખાન નુરમહંમદખાન નાગોરી
રિટાયર્ડ એડીશનલ કલેક્ટર, ગુજરાત રાજ્ય.
જન્નતનસીન તા. ૧૯/૯/૨૦૧૫

અલ્લાહ આપને જન્નત અતા
ફરમાવે તેવી પ્રાર્થના અમારી

મો. ૯૮૨૮૫ ૯૫૮૨૨, ૯૮૨૫૦ ૫૭૬૯૦
સમસ્ત નાગોરી પરિવાર



પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com